

## વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

# જિલ્લામાં બે વર્ષમાં ગરીબી રેખા હેઠળના પરિવારમાં ૪નો વધારો

### પશુપાલકોને ખાણદાણ સહાય યોજનામાં ૩૬૫૭ લાભાર્થી છે

ગાંધીનગર, તા. ૨૧

આજે રાજ્ય વિધાનસભાગૃહની બેઠક સવારની હતી. આવતીકાલે રજાનો દિવસ હોવાથી સભ્યો વતનમાં જવા વધુ ઉત્સુક જણાતા હતા. આજે ગૃહમાં ગૃહ વિભાગ અને વાહન-વ્યવહાર વિભાગની માંગણીઓ ચર્ચાને અંતે પસાર કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી પણ આજે સાંજે દિલ્હી ખાતે સાંસદોની બેઠકમાં હાજરી આપવા દિલ્હી પહોંચ્યા છે.

આજે ગૃહમાં કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન, આદિજાતિ વિકાસ, શિક્ષણ વિભાગને લગતી પ્રશ્નોત્તરી હતી. આજે પ્રશ્નોત્તરીમાં ૧૨૧ જેટલા પ્રશ્નો રજુ થયા હતા.

● **ગુણોત્સવનું મૂલ્યાંકન**

ગાંધીનગર (ઉ)ના રીટાબેન પટેલ, માણસાના જે.એસ. પટેલ, દહેગામના બલરાજસિંહ ચૌહાણે પુછેલા ગુણોત્સવ-૨ અંતર્ગત જિલ્લાની શાળાઓના મૂલ્યાંકન અંગે શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે ૨૦૨૧-૨૨માં ૬૧૧ શાળાઓ મૂલ્યાંકન માટે નિયત થયેલ હતી અને તમામ શાળાઓમાં મૂલ્યાંકન કરાયુ હતુ.

૨૦૨૨-૨૩માં ૬૧૩ શાળાઓ નિયત થઈ હતી અને ૫૧૩ શાળાઓમાં ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ મૂલ્યાંકન થયુ છે.

તેમણે જણાવ્યુ છે કે ગુણોત્સવના મૂલ્યાંકન અંતે ઉપચારાત્મક પગલાં લેવામાં આવી રહ્યા છે. શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે ગુણોત્સવ-૨ અંતર્ગત રિપોર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે. જેમાં મુખ્યત્વે અને પેટાક્ષેત્ર પ્રમાણે તેમની શાળાની સારી બાબતો અને સુધારાત્મક બાબતો ઉપરાંત શાળાને પ્રાપ્ત થયેલ ગ્રેડ અને ટકા પણ દર્શાવવામાં આવ્યા છે.

● **ખાણદાણ સહાય યોજના**

ભાજપના ગાંધીનગર (દ)ના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે અને કલોલના ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોરે જિલ્લામાં ખાણદાણ સહાય યોજના અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં પશુપાલનમંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં પશુપાલકોના ગાભણ પશુઓ માટે ખાણદાણ સહાય યોજના અંતર્ગત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ રૂ. ૧,૬૪,૧૦,૨૨૫નો ખર્ચ કરવામાં આવ્યો છે.

આ યોજના અંતર્ગત જિલ્લામાં ૩૫૬૭ પશુપાલકોને લાભ આપવામાં આવ્યો હોવાનું પણ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

● **આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ**

કોંગીના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ છેલ્લા બે વર્ષમાં આર.ટી.ઈ. એક્ટ અંતર્ગત બાળકોના પ્રવેશને લઈ પૂછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ મળવાપાત્ર શાળાઓની સંખ્યા ૨૩૮ ગ્રામ્ય વિસ્તારમાં હતી જ્યારે શહેરમાં ૨૦૨૧-૨૨માં ૪૫ અને ૨૦૨૨-૨૩માં ૪૭ શાળાઓ હતી.

ગ્રામ્ય વિસ્તારમાં ૨૦૨૧-૨૨માં ૧૭૨૯ બાળકોએ ૨૦૨૨-૨૩માં ૧૭૫૧ બાળકો તથા શહેરમાં ૨૦૨૧-૨૨માં ૩૮૫ અને

● અનુસંધાન પાન-૭ પર



ભારે પવનના કારણે શહેરમાં ઠેક ઠેકાણે ઘણુ નુકશાન થયુ છે. નવા સચિવાલય, બ્લોક નં. ૧૪ની બાજુમાં ઈલેક્ટ્રીક થાંભલો જમીનદોસ્ત થઈ ગયો છે. શહેરમાં ઘણા સ્થળોએ લાઈટના થાંભલા અને હોર્ડીંગ્સ ભારે પવનના કારણે પડી ગયા છે.

# ગાંધીનગરમાં કોરોનાના નવા ૬ કેસ નોંધાયા

### શહેરમાં ૨ અને ગ્રામ્યમાં ૪ કેસ કોરોનાના નોંધાયા : ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં 3 કેસ. કલોલમાં એક કેસ, ગાંધીનગર ગ્રામ્યમાં 3 મહિલા દર્દીઓ નોંધાઈ : સે. 30 અને સરગાસણમાંથી એક-એક કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે કોરોનાના નવા ૬ કેસ નોંધાતા આરોગ્યતંત્રમાં હડકંપ મચી જવા પામેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નવા ૪ કેસ નોંધાયા છે જ્યારે શહેરમાં કોરોનાના નવા ૨ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો જે ઝડપથી વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી જવા પામી છે. જિલ્લામાં ચાલુ મહિનામાં જ કોરોનાના ૧૪ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ વધી રહ્યુ છે તેથી તંત્રએ પણ સર્વેલન્સ વધારવા તેમજ ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા માટે સૂચનાઓ આપી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગર તાલુકામાં ૩ અને કલોલમાં એક કેસ નોંધાયો છે. આ બન્ને તાલુકા અગાઉ કોરોનાની લ્હેરમાં સંવેદનશીલ બની ઉભર્યા હતા. આ બન્ને તાલુકાઓની પ્રજા અમદાવાદ સાથેના રોજીંદા જીવન-વ્યવહાર સાથે સંકળાયેલી હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે.

આજે નોંધાયેલા ૪ કેસમાં એક કેસ અડાલજમાં નોંધાયો છે જ્યારે બે કેસ ડભોડામાં નોંધાયા છે. ગાંધીનગર તાલુકામાં નોંધાયેલ ૩ કેસ મહિલા દર્દીના છે. મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

મળતી વિગતો પ્રમાણે અડાલજમાં વાણિજ્યક્ષેત્ર સાથે સંકળાયેલ ૫૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ડભોડામાં ૨૨ વર્ષીય શિક્ષિકાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૫૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને મહિલા દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

કલોલ તાલુકાના રાંચરડા ગામે ૫૫ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ખેડૂતે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

કોરોનાના હળવા લક્ષણો હોવાથી દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ વધુ પસંદ કરી રહ્યાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લાતંત્રએ ગ્રામ્ય વિસ્તારમાં ૧૬૩ લોકોને હોમ આઈસોલેટ કર્યા છે. સઘન સર્વેલન્સ કરવા સાથે હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી પણ અસરકારક રીતે થાય તે જોવા તંત્રએ તાકીદ કરી છે એટલુ જ નહિ કોરોનાના સંક્રમણથી બચવા લોકોએ શુ કાળજી લેવી તે અંગે જાણકારી આપી જન જાગૃત્તિ અભિયાન છેડવા પણ જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ બે કેસ મળી આવ્યા છે. શહેરમાં સમાવિષ્ટ સરગાસણ

● અનુસંધાન પાન-૭ પર

# શ્રેષ્ઠ શાળાઓમાં ગાંધીનગર શહેર અને ગ્રામ્યની ૨ શાળાની પસંદગી

### નગરની જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય અને વારસોડાની અનોપ કુંવરબા શાળાનો સમાવેશ

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર જિલ્લામાં થી બે શાળાઓનો શ્રેષ્ઠ શાળામાં સમાવેશ થયો છે જેમાં શહેરની એક અને ગ્રામ્યની એક એમ બે શાળાની શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી કરવામાં આવી છે શ્રેષ્ઠ શાળાઓને પ્રોત્સાહન રૂપે રૂપિયા ૧ લાખનો પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે આ બે શાળાઓમાં નગરના સે ૭માં સ્થિત શ્રી જે. એમ. ચૌધરી કન્યા શાળા અને વરસોડાની શ્રી અનોપકુંવરબા વિદ્યાલયની પસંદગી થઈ છે આ બન્ને શાળામાં બોર્ડની પરીક્ષાનું પરિણામ સળંગ ત્રણ વર્ષ ૭૫ ટકા થી વધુ રહ્યું હતું

શ્રેષ્ઠ શાળા ની પસંદગી મામલે વિવિધ બાબતોને ધ્યાન માં લેવામાં આવે છે રાજયના કમિશનર ઓફ સ્કૂલ્સ દ્વારા શ્રેષ્ઠ શાળા પસંદગી માટે અનેકવિધ મુદ્દાને ધ્યાનમાં રાખીને ધારાધોરણ નિયત કરવામાં આવેલા છે. તે ધારાધોરણ પરિપૂર્ણ કરતી શાળાની શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી કરવામાં આવે છે. જયારે આ માટે ખાસ કમિટીની પણ રચના કરવામાં આવે છે પહેલા જિલ્લા શિક્ષણાધિકારી, એજ્યુકેશન ઈન્સપેક્ટર અને શિક્ષણવિદ સહિતના સભ્યોની કમિટી દ્વારા સમયાંતરે શાળા પર પહોંચીને સ્થળ તપાસ કરવા સાથે અહેવાલ તૈયાર કરીને રાજ્યના શિક્ષણ વિભાગને સુપ્રત કરવામાં આવે છે . જયારે આ અહેવાલના આધારે જિલ્લાના શહેરી વિસ્તારમાંથી એક અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી એક શાળાની શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી કરવામાં આવે છે. જયારે શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી પામેલી શાળાઓને વધુ સુવિધાઓ ઉભી કરવા માટે રૂપિયા ૧ લાખનો પુરસ્કાર પણ આપવામાં આવે છે અને શાળાના આચાર્યને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે. વિજેતા શાળાઓના સંચાલક મંડળ, આચાર્ય અને સમગ્ર સ્ટાફને જિલ્લા શિક્ષણાધિકારી ડૉ બી એન પ્રજાપતિએ બિરદાવી અભિનંદન પાઠવ્યા છે જિલ્લા શિક્ષણાધિકારીએ શ્રેષ્ઠ શાળાની પસંદગી કરવા સંબંધમાં નિયત કરવામાં આવેલી વિશેષ ગુણવત્તા અને ધારાધોરણ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે શ્રેષ્ઠ શાળાની પસંદગીમાં પરિણામ ની બાબત પણ મુખ્ય છે શાળાનું સળંગ ત્રણ વર્ષનું બોર્ડની પરીક્ષાનું પરિણામ ૭૫ ટકા ઉપર હોવું અનિવાર્ય છે જયારે શાળા દ્વારા બાળકોને કરાવવામાં આવતી ઈત્તર પ્રવૃતિ અને તેની ઉપયોગિતા નો પણ ખ્યાલ રાખવામાં આવે છે આ ઉપરાંત શાળામાં ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓને પણ ધ્યાને લેવામાં આવે છે આ ઉપરાંત શાળાના વિદ્યાર્થીઓ દ્વારા અભ્યાસ ઉપરાંત અન્ય વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હોય સહિતની એક્ટિવિટી પણ ધ્યાને રાખી નિર્ણય લેવામાં આવે છે .

# સે-૨ની પ્રાથમિક શાળાને સ્માર્ટ શાળા બનાવવા સમાવેશ

ગાંધીનગર તા ૨૧

એજયુકેશન હબ તરીકે ઉભરતા ગાંધીનગરમાં ઘણીવાર શિક્ષણના મામલે દિવા તળે અંધારા જેવી સ્થિતિ થતી હોય છે. એકબાજુ સ્પાર્ધાત્મક શિક્ષણના યુગમાં શિક્ષણ કાર્ય ખર્ચાળ બનતુ જાય છે. ત્યારે સરકારી શાળાઓમાં પણ વિદ્યાર્થીઓને જરૂરી સુવિધા અને યોગ્ય શિક્ષણ મળે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે પણ સમયાંતરે રજુઆતો થતી રહે છે. નગરમાં સે-૨ માં સ્થિત સરકારી પ્રાથમિક શાળાને સ્માર્ટ શાળાના કન્સેપ્ટ હેઠળ આવરી લેવા માટે અગાઉ નિર્ણય લેવાયો હતો જયારે આ યોજનાને અનુલક્ષી ભુમિપુજન વિધી પણ કરવામાં આવી હતી જો કે ત્યારબાદ આ યોજના પડતી મુકાતા લાંબા સમય બાદ શિક્ષણમંત્રીને પણ આ મામલે રજુઆત કરવામાં આવી હતી જેના અંતે હવે શિક્ષણમંત્રીએ આ અંગે પ્રાથમિક શિક્ષણ નિયામકને યોગ્ય તપાસ કરીને સે-૨ ની શાળાને સ્માર્ટ બનાવાની યોજનામાં સમાવવા માટે પણ વિચારણા કરવા માટે લેખિત સુચના આપી છે.

ગાંધીનગરમાં સે-૨ ની પ્રાથમિક શાળાનો સ્માર્ટ સ્કુલમાં સમાવેશ કરાયો હતો. જો કે ભુમિપુજનના અંતે આગળ કોઇ ગતિવિધિ હાથ ન ધરાતા આક્રોશ પ્રવર્તયો હતો.આખરે આ મુદ્દે તપાસ હાથ ધરવા માટે શિક્ષણમંત્રીએ આદેશ કર્યો છે. સે-૨ ની સરકારી પ્રાથમિક શાળાનો સ્માર્ટ શાળામાં સમાવેશ કરવામાં આવ્યો હતો જયારે આ અન્વયે

● અનુસંધાન પાન-૭ પર

# અનઅધિકૃત કબજો ધરાવતા આવાસોના મામલે ઈવિકશન કોર્ટે ૫૦ કેસનો નિકાલ કર્યો

### સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના ૩૨૫ કિસ્સામાં અનઅધિકૃત કબજેદારો સામે કોર્ટ કેસ દાખલ કરાયા હતા : ૫૦ કિસ્સામાં મકાનો ખાલી કરાવી દેવાયા : તંત્ર દ્વારા સમયાંતરે અનઅધિકૃત કબાજેદારોની તપાસ પણ કરવામાં આવે છે

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરના સેકટારોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ જોખમી બનતા હાલ સેકટરોમાં રહેણાંકને લાયક પર્યાપ્ત આવાસો નથી એકબાજુ નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. ત્યારે કેટલાક જુના મકાનો પણ નિવૃતિ બદલી અને અવસાનના કિસ્સામાં ખાલી ન થાય હોવાથી તંત્ર દ્વારા કોર્ટ કેસ દાખલ કરવા સુધીના પગલા લેવાયા છે. આ મામલે અંદાજિત ૩૨૫ જેટલા કિસ્સામાં કોર્ટ કેસ દાખલ કરાયા હતા જયારે ઈવિકશન કોર્ટે આ પૈકી ૫૦ પેન્ડીંગ કેસોનો નિકાલ કરતા આવાસો ખાલી કરાવાની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# સિદ્ધાર્થ લો કોલેજના અધ્યાપિકા સોનલ મેવાડાનું આકસ્મિક નિધન

### કોલેજના ૩૩મા વાર્ષિકોત્સવમાં સ્ટેજ પર્ફોર્મન્સ પછી તુરંત આવેલાં હૃદયરોગના હુમલાને પગલે થયું નિધન : શહેરના શૈક્ષણિક સંકુલમાં ઘેરા શોકની લાગણી

ગાંધીનગર, ૨૧

ગાંધીનગરના સેક્ટર-૧૬ ખાતે ગતકાલે રાત્રે તા.૨૦મી માર્ચના રોજ યોજાયેલા સિદ્ધાર્થ લો કોલેજના ૩૩મા વાર્ષિકોત્સવ પ્રસંગે કરૂણાંતિકા સર્જાઇ હતી. વાર્ષિકોત્સવમાં કોલેજના ૫૮ વર્ષીય અધ્યાપિકા ડો. સોનલ મેવાડાના સ્ટેજ પર્ફોર્મન્સ પછી તુરંત તેમને આવેલાં હદયરોગના હુમલાને પગલે તેમને તુરંત જ સારવાર અર્થે શહેરના સે.૨૩માં ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં પરંતુ તેમનું દુ:ખદ નિધન થવા પામ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ડો.સોનલ મેવાડા સિદ્ધાર્થ લો કોલેજના પ્રિન્સિપાલ ડો. દિલીપ મેવાડાના ધર્મપત્નિ હોવા સાથે તે જ કોલેજમાં અધ્યાપિકા તરીકે વર્ષ ૨૦૧૧થી સેવા આપી રહ્યાં હતાં. તેમના આકસ્મિક નિધનથી તેમના પરિવાર અને કોલેજ તથા શહેરના શૈક્ષણિક સંકુલમાં ઘેરા શોકની લાગણી પ્રવર્તવા પામી છે.



સિદ્ધાર્થ લો કોલેજના ૩૩મા વાર્ષિકોત્સવ રંગચંગે ઉજવાઇ રહ્યો હતો અને અધ્યાપિકા ડો.સોનલ મેવાડાએ સ્ટેજ પર માતાજીની માંડવી સાથે ફુલોના ગરબાની કૃતિ પર પરફોર્મન્સ આપ્યું હતું. આ પરફોર્મન્સ બાદ તેઓ સ્ટેજ પરથી નીચે ઉતર્યાને તુરંત જ તેમને કાર્ડિયાક એટેક આવ્યો હતો અને તેઓ ખુરશીમાં ફસડાઇ પડ્યાં હતા. તેમને તુરંત જ સેક્ટર-૨૩ની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઇ જવાયાં હતા જ્યાં તબીબોએ તેમના હૃદયના ધબકારા પુનઃનિયમિત કરવા પ્રયાસ કર્યો હતો પરંતુ તેમને સફળતા મળી નહોતી અને તેમનું નિધન થવા પામ્યું હતું. ડો. સોનલ મેવાડાના પાર્થિવ દેહની આજે સરગાસણ રૂદ્રભૂમિ સ્મશાન ખાતે

● અનુસંધાન પાન-૭ પર

# મનપા દરરોજ ૪૬૬૦ વીજ યુનિટ સોલાર ઊર્જાથી ઉત્પાદન કરશે : જસવંત પટેલ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મનપા દ્વારા દરરોજ ૪૬૬૦ વીજ યુનિટનું ઉત્પાદન સોલાર દ્વારા કરશે અને તેનાથી સરેરાશ દૈનિક રૂ. ૩૪૯૫૦નુ વિજ ઉત્પાદન થશે.

સ્થાયી સમિતિના ચેરમેન જસવંત પટેલે સોલાર સીસ્ટમ અંગે વિગતો આપતાં જણાવ્યુ હતુ કે મનપા દ્વારા સોલાર ટ્રી અને સોલાર પેનલો નાખવામાં લગાવવામાં આવી છે અને ઉત્પાદન ટૂંકમાં જ શરૂ થઈ જશે.

તેમણે જણાવ્યુ હતુ કે ગાંધીનગર સ્માર્ટસિટી ડેવલોપમેન્ટ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાના વિવિધ સ્થળ પર સોલાર રૂફટોપ સિસ્ટમ તથા સોલાર ટ્રી મુકવા આયોજન કરવામાં આવેલ છે. જેમાં અંદાજીત કિંમત રૂ. ૯,૦૧,૦૨,૦૦૦ની સામે ૧૫ ટકા નીચા ભાવે રૂ. ૭,૬૫,૮૬,૭૦૦નો વર્ક ઓર્ડર ઈજારદાર શ્રી સોલાર સીન્ગ્યુલારીટી પ્રા.લી.ને તા. ૨૯-૩-૨૦૨૨ના રોજ સોંપવામાં આવેલ છે.

ઉપરોક્ત કામમાં એજન્સી દ્વારા કુલ ૧૭ સ્થળો ઉપર ૯૪૫ કિલોવોટની ક્ષમતા ધરાવતા સોલાર રૂફટોપ મુકવામાં આવેલ છે અને ૨૨ સ્થળો ઉપર ૨૨૦ કિલોવોટની ક્ષમતા ધરાવતા સોલાર ટ્રી મુકવાનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. સોલાર ટ્રી ને સૂર્યની ગતિ અને સ્થાન અનુસાર સોલાર ટ્રેકીંગ સિસ્ટમથી સજ્જ કરવામાં આવેલ છે અને તેના પર લાગેલ સોલાર પેનલની સાફ સફાઈ સમયાંતરે પાણીના ફુવારાથી થાય તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેથી સોલાર ટ્રી માં મુકવામાં આવેલ સોલાર પેનલ દ્વારા તેની સંપૂર્ણ ક્ષમતાથી વીજ ઉત્પાદન થઈ શકે.

પટેલે અનઔપચારિક વાતચીતમાં જણાવ્યુ હતુ કે ઉપરોક્ત કામ પૂર્ણ થવામાં છે અને સોલાર મીટરના કનેક્શનનું કામ પૂર્ણ થતાં ઉત્પન્ન થતા સોલાર વીજ પાવરનો ઉપયોગ થઈ શકશે. જેના કારણે કુલ ૧૧૬૫ કિલોવોટના સોલાર પેનલ દ્વારા દરરોજ દિવસ દરમિયાન ૪૬૬૦ વીજ યુનિટનું ઉત્પન્ન થશે. જેની કિંમત રૂ. ૭.૫૦ પર યુનિટ ગણતા દૈનિક રૂ. ૩૪૯૫૦ ની કિંમતનું વીજ ઉત્પાદન થશે. જેથી આશરે વાર્ષિક રૂ. ૧,૨૫,૮૨,૦૦૦નું વીજ ઉત્પાદન થશે.

સોલાર પાવરથી કાર્બન ડાયોકસાઈડનાં ઉત્સર્જનમાં ઘટાડો થશે. જે આશરે ૨૫ વર્ષમાં ૩૬,૧૧૫ ટન હશે. તદુપરાંત ૫૭,૦૮૫ સાગનાં વૃક્ષ વાવવાની સમકક્ષ હશે જેથી પર્યાવરણને લાભ થશે.

સોલાર રૂફટોપ સિસ્ટમમાં આવેલ સોલાર પેનલની ૧૦ વર્ષની રીપ્લેસમેન્ટ ગેરંટી તથા અન્ય વીજ ઉપકરણો જેવા કે ઈન્વટર, એસીડીબી, ડીસીડીબી વગેરેની ગેરંટી ૫ વર્ષ સુધીની રાખવામાં આવેલ છે. તથા ૧૦ વર્ષની મેન્ટેન્સની કાર્યવાહી પણ એજન્સીને સોંપવામાં આવેલ છે તેમ પણ તેમણે કહ્યુ હતુ.


## વિસનગરા નાગર બેસણું



**સ્વ. ચંદ્રકાંત એ. પંડ્યા**

જન્મ: ૨૬.૬.૧૯૪૬ | મૃત્યુ: ૧૯.૩.૨૦૨૩

અમારા પૂજ્ય પિતાશ્રી સ્વ. ચંદ્રકાંત અમથારામ પંડ્યા, તારીખ ૧૯ માર્ચ, ૨૦૨૩ (રવિવાર) ના રોજ સ્વર્ગવાસી થયા છે. સદગતનું બેસણુ નીચેના સરનામે અને સમયે રાખેલ છે. પ્રભુ સદગતના આત્માને શાંતિ આપે.

તારીખ ૨૩.૩.૨૦૨૩, ગુરૂવાર સવારે ૯ થી ૧૧
સ્થળ: તિરૂપતિ બાલાજી મંદિર, સેકટર -૧૬, ગાંધીનગર

**શોકાતુર પરિવાર**
ગં.સ્વ. ભારતીબેન ચંદ્રકાંત પંડ્યા (પત્ની)
હેમાંગ ચંદ્રકાંત પંડ્યા (પુત્ર)
નીરવ ચંદ્રકાંત પંડ્યા (પુત્ર)
હાર્દિક ચંદ્રકાંત પંડ્યા (પુત્ર) | તેજલ હાર્દિક પંડ્યા (પુત્ર વધૂ)
દેવાંશ હાર્દિક પંડ્યા (પૌત્ર)

પીયર પક્ષનું બેસણું ઉપરના સ્થળે અને સમયે જ રાખવામાં આવેલ છે.

સ્વ. રજનીકાંત દવે પરિવાર
સર્વજ્ઞ આર દવે. | નયના એસ દવે
મયંક આર દવે. | વીણા એમ દવે
સુહાસિની એન. પંડિત | નયનકુમાર આઈ. પંડિત



**દેવસ્ય સુપરસ્પેશ્યાલિટી કિડની હોસ્પિટલ્સ, ગાંધીનગર**
ભારતની કિડની અને પેશાબના રોગો માટેની જાણીતી બ્રાન્ડ
devasya Since 1994

**જોઈએ છે**

- મેડીકલ ઓફિસર
- O.T. સ્ટાફ (અનુભવી)
- નર્સિંગ સ્ટાફ (GNM / BSC)
- મેડીકલ સ્ટોરના અનુભવી
- રિસેપ્શનીસ્ટ કમ એકાઉન્ટન્ટ

આપનો બાયોડેટા projectdevasya@gmail.com અને Whatsapp No.: 97264 04541 પર મોકલો.

:: વોક ઈન ઈન્ટરવ્યૂ ::
તા. ૨૩.૦૩.૨૦૨૩ (ગુરૂવાર) અને તા. ૨૯.૦૩.૨૦૨૩ (બુધવાર)
સવારે ૧૦:૦૦ થી ૧૨:૩૦

ઈન્ટરવ્યુ માટે Location

**દેવસ્ય સુપરસ્પેશ્યાલિટી કિડની હોસ્પિટલ્સ**
શાશ્વત સર્જીકેર હોસ્પિટલ, શ્યામ રેસીડેન્સી, પ્રમુખ આર્કેડ રેસીડેન્સી સામે, રીલાયન્સ સર્કલ પાસે, કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | ASTRAL PIPES | PRINCE PIPING SYSTEMS | Jaquar experience bathing | DR. FIXIT | Birla White THE WHITEST WHITE CEMENT | VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com